ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૫ એપ્રિલ, ૨૦૨૬

## અમેરિકાના હાલ બેહાલ, હાથનાં કર્યાં હૈયે વાગ્યાં

# વૈશ્વિક મહાસત્તાનો આત્મવિશ્વાસ જ આત્મઘાતક બન્યો

**મૂળે તો અમેરિકાનો હેતુ બીજા દેશોનું નાક દબાવી કામ કઢાવવાનો કે ડર પેસાડવાનો હતો પણ આ તો બધું બુમરેંગની જેમ પાછું તેને જ લમણે ભટકાયું છે**

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

અમુક નિષ્ફળતાઓ ખાસ પ્રકારની હોય છે, તે એવા લોકો માટે અનામત રખાઈ હોય છે જે પોતાની આપસપાસ રચાયેલા લેજન્ડ્ઝ, દંતકથાઓ, જેના આધારે તેની છબી ખડી હોય તેવી બાબતોને વ્યૂહરચના સમજી બેસે છે. આખી દુનિયાને પોતે ચલાવે છે. એનાં ફાંકામાં નાચનારા યુ.એસ.એની મહાસત્તાનાં સામ્રાજ્યના કાંગરા બહારથી ખરી પડ્યા છે. વૉશિંગ્ટનમાં જે વેરવિખેર થઈ રહ્યું છે, તે ચિંતાજનક છે. અમેરિકા પોતાના આત્મવિશ્વાસના ભાર નીચે રૂંધાઈ રહ્યું છે. ટેરિફ્સને હથિયાર તરીકે વાપરવા, યુદ્ધને સોદા સમજવા અને આર્થિક દેવાની ચિંતા આવતીકાલ પર નાખી દેવાની માનસિકતા, આર્થિક મહત્વાકાંક્ષા અને ભૌગોલિક રાજકીય સંતુલન અંગ-કસરતના ખેલ વચ્ચે ઝૂલાવનારી સાબિત થઈ રહી છે. સર્કસમાં ઉપર લટકીને એક્રોબેટિક્સ કરનારાંઓને આત્મવિશ્વાસ ભલે હોય પણ તેમને પણ ક્યારેક તો ચક્કર આવી જ જાય, વળી અહીં તો અર્થતંત્રની વાત થઈ રહી છે, તે પણ અમેરિકાના!

સૌથી પહેલાં તો ફુગાવાની એટલે કે મોંઘવારીની વાત કરીએ, અમેરિકા તો એમ માનીને બેઠું હતું કે પોતે ફુગાવાને હરાવી દીધો છે. ફેડરલ રિઝર્વે લગભગ બે વર્ષ બજારોને, કદાચ જાતને પણ, એમ ખાતરી આપી કે આ માત્ર એક તબક્કો છે, ખરાબ સમય છે જે પસાર થઈ જશે. ફુગાવો હવે તેના લક્ષ્યાંક તરફ જઈ રહ્યો હતો, તેનું ‘સોફ્ટ લેન્ડિંગ’ સફળતાથી પાર પડ્યું હતું. ત્યારબાદ ટ્રમ્પનું બીજું વહીવટી તંત્ર આત્મવિશ્વાસ પર બનેલી બ્લુપ્રિન્ટ સાથે આવ્યું. તેમાં દાવા હતા કે ટેરિફને કારણે દેશમાં મેન્યુફેક્ટરિંગ પાછું આવશે, ટેક્સમાં ઘટાડો વિકાસને વેગ આપશે અને આક્રમક વિદેશ નીતિ આગલી ન્યૂઝ સાયકલ પહેલાં વિરોધીઓને ઘુંટણીયે લાવશે. હવે આત્મવિશ્વાસથી બનેલી બ્લુપ્રિન્ટની એક મોટી તકલીફ એ છે કે વાસ્તવિક દુનિયાને માટે એ વાંચવું ફરજિયાત નથી હોતું.

ટેરિફથી જે નુકસાનની વકી હતી તે મોડું થયું પણ આજે તે ડાઈનિંગ ટેબલ્સ સુધી પહોંચ્યું છે. આજે અમેરિકન પરિવારો કૉફી, કપડાં, માંસ અને મધ્યમ વર્ગની સામાન્ય જરૂરિયાતો પર વાર્ષિક અંદાજે $600 થી $1,000 નો વધારાનો ખર્ચ ભોગવી રહ્યા છે. ફેડને આ ખર્ચ 2%એ લાવવો હતો, એ ઈચ્છા પૂરી જ નથી અને અત્યારે તે લગભગ ભુલાઈ ગયેલી જૂની વાત જેવું લાગે છે. સ્ટ્રેટ ઑફ હોર્મુઝના ભંગાણથી ક્રૂડ ઓઈલનો ભાવ $150-$200/ બેરલ પહોંચ્યો અને ફુગાવો 4% સુધી પહોંચી રહ્યો છે. ગયા આખા વર્ષમાં વહીવટે તંત્રએ સતત એમ ગાણું ગાયું કે ટેરિફની અસરો ઓછામાં ઓછી હશે પણ 2026માં જે બિલ આવ્યું એ ઓછામાં ઓછું નથી. વ્યૂહરચનાને બદલે જોણું ખડું થઈ જાય ત્યારે આ જ કિંમત ચૂકવવાની આવે.

ભૌગોલિક રાજકીય નાટક પણ મોંઘું જ પડ્યું છે. ઈરાને હોર્મુઝમાં અવરોધ નાખ્યા અને સાથે યુએસએ-ઈઝરાયલ હુમલાઓ વચ્ચે અત્યારે મધ્ય પૂર્વમાં અમેરિકન સૈન્યની હાજરી હવે 2003ના ઈરાક યુદ્ધ પછીની સૌથી મોટી છે. પૈસા, સૈન્ય અને આત્મવિશ્વાસ બધું અહીં દાવ પર લાગ્યું છે. હોર્મુઝ સમુદ્રધુની જાણે ઘોષણાઓ કરવાનો મંચ બની ગઈ છે. ઘોષણાઓ થતી રહી પણ સ્ટ્રેટ ઑફ હોર્મુઝનો માર્ગ ન ખૂલ્યો. જીતની જાહેરતો થઈ, બણગાં ફૂંકાયા પણ માર્કેટ્સને એ બધા ઘોંઘાટ ગણકારવા જેવા ન લાગ્યા, કોઈએ એ બધા દાવાઓ પર વિશ્વાસ ન કર્યો.



આ તરફ યુક્રેનમાં ધીરજ ખોટી ગઈ, મદદમાં કામ મૂક્યો, યુરોપને અલ્ટિમેટમ આપ્યું જેને લીધે NATOના સહિયારા સિદ્ધાંત પર દબાણ આવ્યું. જે યુદ્ધ ટ્રમ્પ બંધ કરાવવાના હતા એ તો અટક્યું નહીં અને NATO જેમાં સહિયારાપણાની વાત હંમેશા કેન્દ્રમાં રહેતી ત્યાં લેવડ-દેવડની ભાષા શરૂ થઈ ગઈ. અમેરિકાએ જે કર્યું એ કંઈ આંધળુકિયાં નહોતા પણ જાણીજોઈને ભરપુર આત્મવિશ્વાસ સાથે લેવાયેલા નિર્ણયો હતા. જેમાંથી બીજા દેશોનું નાક દબાવવાનો કે ડર પહોંચાડવાનો હેતુ હતો પણ આ તો બધું બુમરેંગની જેમ અમેરિકાને લમણે જ ભટકાયું છે. સૌથી પહેલાં તો ટેરિફ ઝીંકવાનો ટાઈમિંગ. ટ્રમ્પના તંત્રને સારી પેઠે ખબર હતી કે ટેરિફનો ખરો પ્રભાવ તો વર્ષ-દોઢ વર્ષ પછી જ ખબર પડે. 2025માં ટેરિફ ઝીંકીને મોંઘવારી કાબુમાં હોવાની જાહેરાત કરી, વાહવાહી મેળવી લીધી અને જ્યારે 2026માં બિલ આવ્યું. ખર્ચાની અસર દેખાય એ પહેલાં ટ્રમ્પે જશ ખાટી લીધો, જે એક રાજકીય પસંદગી હતી અને હવે મધ્ય સત્રની ચૂંટણીના વર્ષે આ ચાળાંની કિંમત ચૂકવવાનું આવ્યું છે. બીજો મુદ્દો છે કે એક તરફ અમેરિકાને જોઈએ છે કે પોતાના ગ્રાહકોને ઈંધણ સસ્તું મળે, પણ એવી ઈચ્છા રાખીને તે દુનિયાના સૌથી અગત્યનાં તેલના સ્રોત પર, માર્ગ પર ચડાઈ કરી બેઠો. હું ચાવું પણ અને છીંક પણ ખાઉં અને ખાવાનું બહાર પણ ન પડે, એવી ઈચ્છા રાખવી જરા વધારે પડતી નથી? સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બંધ થાય તો 150 ડોલરનું ક્રૂડ અમેરિકન ગ્રાહકના ખિસ્સા પર જ બોજ બને વ્હાઈટ હાઉસ પર નહીં. લાગે છે કે વૉશિંગ્ટન આ ગણતરી કરવાનું ભૂલી ગયું અને જો કોઈને ખબર પડી હોય તો કોઈએ ટ્રમ્પને આ વાત કહેવાની તસ્દી ન લીધી.

અમેરિકાની ત્રીજી ભૂલ એટલે ગઠબંધનના અર્થશાસ્ત્રમાં ચેડાં. NATOનો પાયો જ એ હતો કે સામુહિક સુરક્ષા એકલપંડી લડાઈ કરતાં સસ્તી પડે, સિત્તેર વર્ષ આ સિદ્ધાંત ચાલ્યો અને અમેરિકાએ આડોડાઈ કરીને આ સિદ્ધાંતને લેવડ-દેવડના સોદામાં ફેરવી દીધો. અમેરિકા બોલે તો બીજા દેશો કેમ ચૂપ રહે? બધાએ હિસાબ માંડ્યો અને યુરોપે NATOનો વિકલ્પ વિચારવાનું શરૂ કરી દીધું. NATOના ગઠબંધનનું ધોવાણ બંદૂકથી નહીં શબ્દોથી થયું એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આ બધું ચાલતું હતું ત્યારે ચીને મુંગે મોંઢે બધું જોયા કર્યું, ધીરજ રાખી. પણ આ ધીરજ મુંગી નહોતી. વોશિંગ્ટન ટેરિફ ઝીંકી રહ્યું હતું. ત્યારે બેઈજિંગે આ છ ગણા ટેરિફની વચ્ચે વિયેતનામ અને ભારત દ્વારા સપ્લાય ચેનને ડાયવર્ટ કરી નાખી. વોશિંગ્ટનને લાગે છે કે આ તેમની જીત છે અને બેઈજિંગનો અભિગમ એવો છે કે તેમને માટે આ વૈશ્વિક વ્યાપારની ભૂગોળ બદલી નાંખવી રોજનો ધંધો છે અને તે શાંતિથી પોતાનું ગાડું સરળતાથી ગબડાવે રાખે છે.આ બધા ખેલ નીચેની વાસ્તવિકતા માળખાગત છે.



અમેરિકાનું દેવું $36-38 ટ્રિલિયન સુધી પહોંચી ગયું છે. વ્યાજની ચુકવણી હવે સંરક્ષણ ખર્ચ સાથે સીધી હરીફાઈમાં છે, અને ખાધ યથાવત્ છે. 2008 પછી કન્ઝ્યુમર સેન્ટિમેન્ટ એટલે કે ગ્રાહકોનો વિશ્વાસ સાવ તળિયે બેઠો છે. જીડીપી વૃદ્ધિ 2.1-2.5% સુધી ધીમી પડી છે અને મંદીનું જોખમ 20% સુધી માનવામાં આવે છે. ખોરાક સહિતના ભાવ (3.1%) વધતા જાય છે એમાં મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવી રહી છે. ભારતનો 1.8% ફુગાવો અને સુધારા તેનાથી વિપરીત છે: આપણી ‘આત્મનિર્ભરતા’ યુએસના ઘર્ષણથી દૂર રહી વિવિધતા લાવવાના નિર્ણયને યોગ્ય માને છે. અમેરિકા હવે પોતાની અસ્થિરતાની નિકાસ કરવા બેઠો છે. મૂળ પ્રશ્ન તાકાતનો, શક્તિનો છે. બીજા વિશ્વ યુદ્ધ પછી અમેરિકાની આગેવાની માત્ર શક્તિ પર આધારિત નહોતી, તે વિશ્વસનીયતા અને સ્થિરતા પર ટકેલી હતી. જ્યારે ગઠબંધનોને સોદા તરીકે જોવાય, અર્થતંત્રને પ્રદર્શન તરીકે અને વિરોધીઓને દર્શક તરીકે જોવામાં આવે ત્યારે આ વિશ્વસનીયતા પાંખી થતી જાય છે.

વૈશ્વિક રાજકારણમાં અન્ય રાષ્ટ્રોના વિશ્વાસ વગરનો તેમના તરફથી મળતો આત્મવિશ્વાસ એક ઋણ છે અને તેની એક મર્યાદા હોય છે. અમેરિકાનું પતન થઈ રહ્યું છે તેમ નથી પણ અત્યારે તેનો હિસાબ થઈ રહ્યો છે. અમેરિકાને જે હથિયાર વાગ્યું છે તે તેણે પોતે જ ખડું કરેલું છે તે ચોક્કસ.

### બાય ધી વે

ટ્રમ્પે 2025માં કહે રાખ્યું કે ટેરિફની અસર મિનિમલ રહેશે પણ એવું તો કંઈ થયું નહીં અને ટ્રમ્પે હવે ‘ક્વિક વિક્ટરી’નું ગાણું ગાયું. ચીનને આર્થિક યુદ્ધોમાં રસ નથી તે સપ્લાય ચેન બદલી નાખે છે. આને ચીનની ધીરજ કહેવી કે ચોકસાઈ? આપણે એક તરફ અમેરિકાને પણ જોઈએ છીએ, ચીન જે કરે છે એ પણ જોઈએ છીએ. અમેરિકા પાસે લશ્કર, નાણું અને ટેક્નોલોજી બધું હોવા છતાં આજે મુશ્કેલીમાં છે કારણ કે તેને આત્મવિશ્વાસ નડી ગયો. આપણને પણ ‘વિકાસ’ કરવો છે પણ આત્મવિશ્વાસને ‘આત્મઘાતક ભ્રમ’માં ન ફેરવી નાખીએ તેની તકેદારી રાખવી જરૂરી છે. આપણે અમેરિકાની ભૂલો જોઈ મનોમન ખુશ થતા હોઈશું, પણ ખુશ થવામાં અને બોધ લેવામાં ફેર છે. અમેરિકા જ્યાં પહોંચ્યો છે ત્યાં પહોંચવાનો રસ્તો ટૂંકો છે અને અજાણ્યો પણ નથી એ યાદ રાખીને આપણે વિકાસ અને પ્રગતિની આંગળી પકડી ધીરજથી મક્કમ પગલાં ભરીશું તો ફાયદામાં રહીશું.

### સિલી પોઈંટ




### જગત-જમાદારને આપો પેગામ

*જગત-જમાદારને એકજ કામ,*
*અલક-મલકની ઝંખે સલામ;*
*જો ન ઝૂકે તો માંગે દામ,*
*પેટનો બળેલો બાળે ગામ!*

***મનમાં વિશ્વ-સત્તાની હામ,***
***સર કરવા ‘તા તેલના ઠામ,***
***‘‘આતંકના સફાયા’’નું આપ્યું નામ,***
***જંગે ચડ્યા ‘‘અંકલ સામ’’!***

*ઝીંક્યા શત્રુ પર શસ્ત્રો ધડામ;*
*વેરીએ રોક્યા વહાણો તમામ;*
*ઊંધા પડ્યા, ન મળ્યું પરિણામ!*
*જંગ તે વળી જીતાય આમ?*

***નાણાનું પાણી ને ઊંઘ હરામ;***
***ગગડ્યો રૂપિયો, યુઆન, દિરહામ;***
***દુનિયા વાંછે હવે યુદ્ધવિરામ;***
***લડાઈનો શા રીતે આવે અંજામ?***

*સત્તાલોલુપને આપો પેગામ,*
*જળવાઈ જશે આપનો ઇકરામ,*
*રોકી લેશો જો તમારો સંગ્રામ ,*
*‘ ’શાંતિનો ખિતાબ’’ મળશે ઈનામ!*

# શું ભારતની પ્રજા આવું કરી કે સહી શકશે?

નો નોનસેન્સ
રમેશ ઓઝા

ઈરાનના શાસકો અને ધર્મગુરુઓ પોતાની પ્રજા સાથે જે કરી રહ્યા છે અને ઈરાન બીજા દેશો સાથે જે કરી રહ્યું છે એ ભારત કરી શકે અને ભારતની પ્રજા (ખાસ કરીને હિંદુ) સહન કરી શકે? ઇઝરાયેલ જે કરી રહ્યું છે અને પોતાની પ્રજાને જેવું જીવન આપ્યું છે એ ભારત કરી શકે અને ભારતની પ્રજા સહી શકે? અન્ય મુસ્લિમ દેશોમાં ધર્મના નામે જે બની રહ્યું છે અને પ્રજા સહી રહી છે એ ભારતમાં શક્ય છે? ઉત્તર કોરિયા દુનિયા સાથે અને પોતાની પ્રજા સાથે જે કરી રહ્યું છે એ ભારત સરકાર અને ભારતની પ્રજા કરી કે સહી શકે? દાખલા આપવા હોય તો બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મની, ઇટલી, જપાનના આપી શકાય, એ દરમ્યાન અને એ પછીનાં વર્ષોનાં સ્તાલીનકાલીન સોવિયેત રશિયાનું આપી શકાય, માઓકાલીન ચીનનું આપી શકાય, પૂર્વ યુરોપનાં સામ્યવાદી દેશોનું આપી શકાય, ઈદી અમીન અને તેના જેવા શાસકોનો શિકાર બનેલાં આફ્રિકા અને લેટીન અમેરિકાના બીજા દેશોનાં આપી શકાય. આ સિવાય સુદાન, સીરિયા, ચેકોસ્લોવેકિયા, મ્યાનમાર, હૈતી, ઈથિયોપિયા જેવા બીજા એક ડઝન દેશોમાં પ્રજાએ આપસી કત્લેઆમ કરી છે અને સહી છે એનાં આપી શકાય. વર્તમાન ચીન અને રશિયાનું આપી શકાય. શું ભારતીય પ્રજા આ કરી કે સહી શકે એમ છે?

આ બધા દેશો એવા છે જેમાં ત્યાનાં શાસકો બેફામ હિંસા કરે છે, જાણીબૂજીને આયોજનના ભાગરૂપે હિંસા કરે છે, પ્રજાએ સુદ્ધા હિંસામાં ભાગ લીધો છે અને હિંસા સહન પણ કરી છે. દૈનંદિન હિંસા ત્યાંના સમાજજીવનનું અંગ છે. શું ભારતની પ્રજા (ખાસ કરીને હિંદુઓ) આવું કરી કે સહી શકે? થોડુંક આત્મનિરીક્ષણ કરો. શું આવી જિંદગી આપણે જીવી શકીએ? સાચી વાત તો એ છે કે જગતના લોકતાંત્રિક વિકસિત દેશોમાં (જેમ કે કેનેડા, ફ્રાંસ, બ્રિટન, જર્મની, ઓસ્ટ્રેલીયા, જપાન વગેરે. અમેરિકાનો પણ આમાં સમાવેશ થાય છે, પણ આજકાલ એક પાગલ મનસ્વીપણે વર્તે છે એ એક અપવાદ છે) ત્યાંની પ્રજા ભેદભાવ વિના જેવી મોકળાશ અનુભવે છે એવી મોકળાશ આપણે આજ સુધી અનુભવતા આવ્યા છીએ અને તેમના જેટલું ભલે ન હોય, પણ એકંદરે રાજ્ય મર્યાદા જાળવનારૂ જવાબદાર છે. ભારત વિકસિત દેશ નહીં હોવા છતાં એકંદરે વિકસિત દેશોની મૂલ્યવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા ધરાવે છે. વિકાસશીલ દેશોમાં ભારત કદાચ એકમાત્ર દેશ છે જે અર્થતંત્રને મોરચે ભલે નહીં, પણ મુલ્યવ્યવસ્થા અને જવાબદાર રાજ્યતંત્રના મોરચે વિકસિત દેશોની હરોળમાં બેસે છે. બાકી કહેવાતા સમૃદ્ધ દેશોમાં પણ હિંસાનું તાંડવ ચાલે છે. ઇઝરાયેલ અને તેલના કારણે સમૃદ્ધ થયેલા કેટલાક મુસ્લિમ દેશો આનું ઉદાહરણ છે.





જન્મ લીધા પછી ગમે ત્યારે મોત આવે એ હદે જિંદગી અસલામત હોય, માની નજર સામે બાળક મરતાં હોય, વીણીવીણીને સામૂહિક હત્યાઓ કરાતી હોય, વિકાસ કરતાં વધુ ખર્ચો રક્ષણ માટે કરવામાં આવતો હોય, એની પાછી આર્થિક કિંમત હોય અને બાળકો ભૂખે મરતાં હોય, શાસકોની ચોવીસે કલાક તમારા પર નજર હોય, ગમે ત્યારે તમને ગુનેગાર ઠરાવીને સજા કરાતી હોય, અશાંતિનો લાભ લઈને ચાલાક દેશો કુદરતી સંસાધનો લૂંટીને એ દેશને અંદરથી ફોલી નાખતા હોય વગેરે. ટૂંકમાં ગમે ત્યારે જેલમાં જવાનું અથવા ગોળીએ મરવાનું અને જો ગોળીથી બચો તો ભૂખે મરવાનું! આવી બર્બરતા આ બધા દેશોની વાસ્તવિકતા હતી કે છે. આપણે એ કરી કે સહી શકીએ ખરા? અને એનાથી પણ મહત્ત્વનો સવાલ એ માર્ગ અપનાવવો જોઈએ ખરો? સૌથી પહેલાં તો આપણે આ બધા દેશો પર એક સામટી નજર કરવી જોઈએ. શા માટે આ બધા દેશોને હિંસા કરવાનો કે ખમવાનો વખત આવ્યો? તેમના નસીબ ખરાબ હતા કે પછી કશાક બીજા કારણો હતાં અને આજે પણ છે. આ બધા દેશો પર એક સામટી નજર કરશો તો ધ્યાનમાં આવશે કે આ બધા દેશોમાં ત્યાંના શાસકોને અથવા પ્રજાને અને કેટલીક જગ્યાએ બન્નેને ‘બીજા’નું કશુંક સ્વીકાર્ય નહોતું કે નથી અને ‘પોતા’નું સ્વીકાર્ય બને એવો આગ્રહ નજરે પડશે. ઘડીભર થોભો અને ઉપરના દરેકે દરેક હિંસાગ્રસ્ત દેશના ઈતિહાસ કે વર્તમાન પર નજર કરો અને તપાસો કે હું જે કહું છું એ વાત ખરી છે કે ખોટી? શિયાને સુન્ની સ્વીકાર્ય નથી, સુન્નીને શિયા સ્વીકાર્ય નથી, પરંપરાપૂજકોને પરિવર્તન સ્વીકાર્ય નથી, રૂઢીચુસ્તોને આધુનિકતા સ્વીકાર્ય નથી, પુરુષને સ્ત્રીની આઝાદી સ્વીકાર્ય નથી, મુસ્લિમને યહૂદી સ્વીકાર્ય નથી, યહૂદીને મુસ્લિમ સ્વીકાર્ય નથી, સમાજવાદી-સામ્યવાદીને મૂડીવાદી અર્થતંત્ર સ્વીકાર્ય નથી, તાનાશાહને લોકશાહી સ્વીકાર્ય નથી, શ્રીલંકામાં સિંહાલાને તમિલ સ્વીકાર્ય નથી, એક કબિલાઈ પ્રજાને બીજા કબીલાની પ્રજા સ્વીકાર્ય નથી, બાંગ્લાદેશમાં બંગાળીને ઉર્દુ સ્વીકાર્ય નથી વગેરે વગેરે. ૨૦મી સદી અને ૨૧મી સદીમાં જ્યાં જ્યાં લોહી રેડાયું છે અને આજ પણ લોહી રેડાઈ રહ્યું છે એ એકે એક દેશ પર નજર કરશો તો આ જ હકીકત જોવા મળશે. કોઈકને કશુંક સ્વીકાર્ય નથી અને પોતાનું કશુંક સ્વીકાર્ય બને એ માટેનો આગ્રહ છે. અમુક દેશમાં શાસકો આગ્રહી છે અને અમુક દેશમાં શાસકો અને પ્રજા બન્ને આગ્રહી છે. આમાં હિંસા થવી અનિવાર્ય છે. ક્યાંક આંતરિક અને ક્યાંક બહારના સાથે અને કેટલીક જગ્યાએ બન્ને પ્રકારની હિંસા.

ગમા-અણગમાનો, સ્વીકાર્ય અને અસ્વીકાર્યની પ્રજાકીય વૃત્તિનો રાજકારણીઓ લાભ લે છે, એની આસપાસ રાજકારણ વિકસે છે અને રાજ્ય એ રીતે આકાર પામે છે. એક દિવસ અસ્વીકૃત સાથે ભેદભાવ, અન્યાય, અસભ્યતા અને હિંસા વગેરે રાજ્યમાન્ય બને છે. એ પછી શું થાય છે ખબર છે? શાસકો બેફામ બનવા લાગે છે. બહુમતી પ્રજાને જેની સુગ છે એનાથી એ લોકો બહુમતી પ્રજાને બચાવવાનો દાવો કરે છે અને બહુમતી પ્રજા પોતાનું જે સ્વીકાર્ય બનાવવા માગે છે તેના તેઓ ઠેકેદાર બની જાય છે. પ્રારંભમાં શાસકો પ્રજાની મૂક કે સક્રિય સ્વીકૃતિ સાથે હિંસા કરે, અત્યાચાર કરે, દમન કરે અને જો પ્રજાકીય સક્રિયતા ઘટતી નજરે પડે તો શાસકો પ્રજાને આપસમાં લડાવે. પ્રજાકીય યુદ્ધ, આંતરવિગ્રહ, અન્ય દેશો સાથેનું યુદ્ધ એમ જ્યારે હિંસા ક્રૂર અને વ્યાપક બનવા લાગે ત્યારે બીજા દેશો તેનો લાભ લેવાનું શરૂ કરે અને એ હિંસાગ્રસ્ત દેશને અંદરથી ખોખલો કરે. ઘણીવાર દુષ્ટતાની ધરી પણ રચાય. ઉપર કહ્યા એ દેશો પર હજુ એકવાર નજર કરશો તો આ જ હકીકત જોવા મળશે.

**વિકાસશીલ દેશોમાં ભારત કદાચ એકમાત્ર દેશ છે જે અર્થતંત્રને મોરચે ભલે નહીં, પણ મુલ્યવ્યવસ્થા અને જવાબદાર રાજ્યતંત્રના મોરચે વિકસિત દેશોની હરોળમાં બેસે છે. બાકી કહેવાતા સમૃદ્ધ દેશોમાં પણ હિંસાનું તાંડવ ચાલે છે**

ભારતીય પ્રજા (મુખ્યત્વે હિંદુઓ) આવી બર્બરતા આચરી શકે અને ખમી શકે? આ માર્ગ અપનાવવો જોઈએ ખરો? જેણે અપનાવ્યો છે એમાંથી કયો દેશ કે કઈ પ્રજા સુખી છે? ઇઝરાયેલ યહૂદીઓ ભૌતિક રીતે સુખી છે, પણ અદ્ધરજીવે જીવે છે. આવું જ ચીનાઓનું. ક્યારે તમને રાજ્યદ્રોહી જાહેર કરીને જેલમાં મોકલવામાં આવે એ કોઈ કહી શકે નહીં. હિંસા અને ચોવીસ કલાકની અસલામતી કરતાં સહિષ્ણુતા વધારે સારી એવું નથી લાગતું? તમને એવું નથી લાગતું કે યહૂદીઓએ આરબો ઉપર સરસાઈ મેળવવાની જગ્યાએ આરબો સાથે સહઅસ્તિત્વનો માર્ગ અપનાવ્યો હોત તો વધારે સુખી પણ હોત અને શાંતિથી જીવતી હોત? જે જે લોકોએ વિચારધારાની સરસાઈ, સંખ્યા આધારિત પ્રજાકીય સરસાઈ, ધર્મની સરસાઈ, સામાજિક પરંપરા-માન્યતાઓની સરસાઈ, સામાજિક સરસાઈ મેળવવાનો પ્રયાસ કર્યો છે તેમના હાથમાં હિંસા અને અસલામતી સિવાય કશું જ હાથમાં આવ્યું નથી. ઉપર બતાવ્યા એવા સોએક દેશનો સો વરસનો ઈતિહાસ તપાસી જુઓ. ખાસ કરીને હિંદુ રાષ્ટ્રના સમર્થકોને મારો સવાલ છે કે તમે શું સભ્ય દેશોની પંક્તિમાંથી બહાર નીકળીને ઉપર કહ્યા એવા દેશોની પંક્તિમાં બેસવા માંગો છો? પાછું એ દેશોની પ્રજા હિંસા, અસલામતી અને ખુવારી સિવાય કશું પામી નથી.

બીજું અહીં શૌર્યને પણ સમજી લેવું જોઈએ. મર્દાનગીને સમજી લેવી જોઈએ.